પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૨૨, બુધવાર; શ્રાવણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અલ કાયદાનો ચીફ ઝવાહિરી માર્યો ગયો

**આતંવાદી સંગઠન અલ કાયદાના વડા અયમાન અલ ઝવાહિરીને એક ડ્રોન હુમલામાં ઠાર : અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને કહ્યું- આખરે ન્યાય મળી ગયો : અફઘાનિસ્તાનમાં છુપાયો હતો આતંકવાદી સંગઠન અલ કાયદાનો ચીફ અયમાન અલ-ઝવાહિરી : લાદેનના મૃત્યુ પછી ઝવાહિરીએ સંભાળી હતી કમાન**





વૉશિંગટન, તા.૨

અમેરિકા તરફથી દાવો કરવામાં આવ્યો છે કે તેમણે આતંવાદી સંગઠન અલ કાયદાના વડા અયમાન અલ ઝવાહિરીને એક ડ્રોન હુમલામાં ઠાર કર્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૧માં ઓસામા બિન લાદેનના મૃત્યુ પછી અલ કાયદાનો ચીફ અલ-ઝવાહિરી જ હતો. અયમાન અલ-ઝવાહિરીના મૃત્યુથી ચોક્કસપણે સંગઠનને મોટો ઝાટકો લાગ્યો હશે. અમેરિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઝવાહિરીને અફઘાનિસ્તાનમાં સીઆઈએના ડ્રોને ઠાર કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને ટ્વિટ કરીને અલ ઝવાહિરીના મૃત્યુની પુષ્ટિ કરી છે. રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને પોતાની પ્રથમ ટ્વિટમાં લખ્યું છે કે, શનિવારના રોજ મારા આદેશ અનુસર અમેરિકાએ અફઘાનિસ્તાન, કાબુલમાં સફળ હવાઈ હુમલો કર્યો, જેમાં અલ કાયદાના વડા અમીર અયમાન અલ ઝવાહિરીનું મૃત્યુ થયું છે. નય્યા મળી ગયો છે. ઉલ્લેખનીય છે કે અલ ઝવાહિરી પર અમેરિકામાં થયેલા અનેક હુમલાઓનો આરોપ હતો.

વર્ષ ૨૦૦૧માં ૧૧ સપ્ટેમ્બરના રોજ અમેરિકા પર

● અનુસંધાન પાન-૭ પર

## સુરતના હરમિત દેસાઈને કોમનવેલ્થમાં મીક્સ મેન્સ ટેબલ ટેનીસમાં ગોલ્ડ મેડલ

**મંગળવારે વેઈટ લિફ્ટીંગમાં વિકાસ ઠાકુરેને સિલ્વર મેડલ, ભારતને અત્યાર સુધી ૧૨ મેડલ મળ્યા : હરજિંદર કૌરે વેઈટલિફ્ટિંગમાં જીત્યો બ્રોન્ઝ**

નવી દિલ્હી, તા.૨

કોમનવેલ્થ ગેમ્સમાં મંગળવારે રમાયેલી મિક્સ મેન્સ ટેબલ ટેનીસ સ્પર્ધામાં સુરતના હરમિત દેસાઈને ગોલ્ડ મેડળ પ્રાપ્ત થતાં રાજ્યના ખેલ વર્તુળોમાં આનંદ વ્યાપ્યો છે. આ ઉપરાંત મંગળવારે વેઈટ લિફ્ટીંગમાં વિકાસ ઠાકુરેને સિલ્વર મેડલ મળતાં ભારતે અત્યાર સુધીમાં ૧૨ મેડલ જીતી લીધા છે.



કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના ખાતામાં પાંચમો ગોલ્ડ મેડલ આવી ગયો છે. મેન્સ ડબલ્સ ટેબલ ટેનિસ ટીમે ભારતના ખાતામાં વધુ એક ગોલ્ડ મેડલ અપાવ્યો છે. જી. સાથિયાન, હરમીત દેસાઈ અને સરથ કમલ અચંતે ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે. ભારતે ટેબલ ટેનિસની ફાઈનલમાં સિંગાપુરને ૩-૧થી હરાવી ગોલ્ડ કબજે કર્યો છે. મેન્સ ટીમ ટેબલ ટેનિસની ફાઈનલ મેચમાં ભારતે જીત સાથે શરૂઆત કરી હતી. ભારતના હરમીત દેસાઈ અને જી. સાથિયાને પ્રથમ ગેમ ૧૩-૧૧, બીજી ગેમ ૧૧-૭ અને ત્રીજી ગેમ ૧૧-૫થી જીતીને ભારતને ૧-૦ની લીડ અપાવી હતી. સિંગલના મુકાબલામાં ભારતનો શરથ કમલ ઉતર્યો હતો. પરંતુ શરથ કમલે ૭-૧૧, ૧૪-૧૨, ૩-૧૧ અને ૯-૧૧થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ જીત સાથે સિંગાપુરે ૧-૧ની બરોબરી કરી લીધી હતી. સિંગલ્સની બીજી ગેમમાં ભારત માટે જી. સાથિયાન ઉતર્યો હતો. તેમે આ મેચમાં શાનદાર જીત મેળવી ભારતની વાપસી કરાવી હતી. સાથિયાને પ્રથમ ગેમ ૧૨-૧૦, બીજી ગેમ ૭-૧૧, ત્રીજી ગેમ ૧૧-૭ અને ચોથી ગેમમાં ૧૧-૪થી જીત મેળવી ભારતને ૨-૧ની લીડ અપાવી હતી.

## નેશનલ હેરાલ્ડ કેસમાં દિલ્હી-કોલકત્તા સહિત ૧૨ સ્થળ ઉપર ઈડીના દરોડા

નવી દિલ્હી, તા.૨

ઈડીએ નેશનલ હેરાલ્ડ મામલે દિલ્હી અને કોલકાતા સહિત ૧૨ સ્થળોએ દરોડો પાડ્યો છે.

ઈડીએ નેશનલ હેરાલ્ડના દિલ્હી સ્થિત કાર્યાલયમાં પણ દરોડો પાડ્યો છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ઈડીએ નેશનલ હેરાલ્ડ કેસ મામલે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની પુછપરછ કરી હતી. ઈડીની તે કાર્યવાહીના વિરોધમાં કોંગ્રેસે દેશભરમાં સત્યાગ્રહ કર્યો હતો. જાણવા મળ્યા મુજબ નેશનલ હેરાલ્ડના કાર્યાલયમાં સિક્યોરિટી ગાર્ડ સિવાય અન્ય કોઈ જ ઉપસ્થિત નહોતું. આ તરફ કોંગ્રેસી સાંસદ ઉત્તર રેડ્ડીએ ઈડીના દરોડાને ચોંકાવનારા ગણાવ્યા હતા. આ સાથે જ તેમણે ઈડીની કાર્યવાહીને રાજકીય બદલો ગણાવ્યો હતો.

## યુપી સરકાર દ્વારા ૮૫૦ સરકારી વકીલોની સેવાઓ પૂર્ણ કરી દેસાઈ

પ્રયાગરાજ, તા.૨

ઉત્તર પ્રદેશ સરકારે લગભગ ૮૫૦ રાજ્યના કાયદા અધિકારીઓ એટલે કે સરકારી વકીલોને હટાવ્યા છે. યુપી સરકારે આદેશ જાહેર કરીને કહ્યું હતું કે, અલ્હાબાદ હાઈકોર્ટમાં નિયુક્ત ૮૪૧ સરકારી વકીલોની સેવાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પ્રયાગરાજમાં જ્યાં અલ્હાબાદ હાઈકોર્ટની મુખ્ય બેંચમાંથી ૫૦૫ રાજ્ય કાયદા અધિકારીઓને દૂર કરવામાં આવ્યા હતા અને સાથે જ હાઈકોર્ટની મુખ્ય બેંચમાંથી ૩૩૬ સરકારી વકીલોને છૂટા કરવામાં આવ્યા છે.

રાજ્યના કાયદા અને ન્યાય વિભાગના વિશેષ સચિવ નિકુંજ મિત્તલ તરફથી આ આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. આ આદેશ અનુસાર, અલ્હાબાદ હાઈકોર્ટના એડિશનલ એડવોકેટ જનરલ વિનોદ કાંતને પણ હટાવવામાં આવ્યા છે. આ સાથે પ્રયાગરાજની પ્રિન્સિપલ બેંચમાં ૨૬ એડિશનલ ચીફ પરમેનન્ટ્ર એડવોકેટ્સને હટાવવામાં આવ્યા છે. એટલું જ નહીં, ૧૭૯ કાયમી એડવોકેટ્સને પણ છૂટા કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED



ગાંધીનગરના ૫૮માં જન્મદિને સૌ નગરજનોને અભિનંદન અને શુભકામનાઓ...






KPTL (Kalpataru Power Transmission Ltd) is one of the largest and fastest growing specialized EPC companies in India engaged in power transmission & distribution, oil & gas pipeline, railways, infrastructure development, civil contracting and warehousing & logistics business with a strong international presence in power transmission & distribution. The company is currently executing several contracts in India, Africa, Middle East, Australia, CIS, SAARC, North America and Far East.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

101, PART-III, G.I.D.C. ESTATE SECTOR - 28,
GANDHINAGAR - 382028, GUJARAT, INDIA
Phone : (++91) - 079- 23214000, Fax : (++91) - 079 - 23211971
Email : mktg@kalpatarupower.com